Gujarat Samachar dt. 26/09/2018

## ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલે કડક પગલાં લેવાની શરૂઆત કરી

# ફાર્માસિસ્ટ તરીકે નામ ભાડે આપનારા ૬નાં રજિસ્ટ્રેશન રદ કરાયાં

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મંગળવાર

ફાર્માસિસ્ટ તરીકે કંપનીમાં નોકરી કરવા ઉપરાંત કેમિસ્ટની જુદી જુદી દુકાનો પર મહિને ૩૦૦૦ જેવી રકમ લઈને પોતાનું નામ આપીને ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા છ ફાર્માસિસ્ટોને લાઈસન્સ રદ કરી દેવાનું કડક પગલું ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલે લીધું છે. કેમિસ્ટની દુકાનમાંથી દવાનું વેચાણ થાય ત્યારે ફાર્માસિસ્ટ હાજર હોવો જોઈએ તેવો નિયમ હોવા છતાંય માત્ર નામ ભાડે લઈને ધંધો કરીને કેમિસ્ટો સસ્તો રસ્તો કાઢતા હોવાનું બહાર આવ્યું છે. આ સાથે જ ગુજરાતમાં દરેક ફાર્માસિસ્ટ ક્યાં છે અને કોની સાથે કામ કરે છે તેની ઓનલાઈન વિગતો ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરી પાસે હોવાનો દાવો સાવ જ પોકળ સાબિત થઈ ગયો છે.

## નોકરી કરવા ઉપરાંત બે ચાર કેમિસ્ટોને પોતાનાં નામ ભાડે આપવાનું ગેરકાયદે કામ કરનારાઓ સામે કડક પગલાં લેવાશે

ફાર્માસ્યૂટિકલના હબ ગણાતા ગુજરાતમાં પણ ફાર્માસિસ્ટ માટેની નોકરીની તક ઓછી થઈ રહી હોવાથી ફાર્મસી કાઉન્સિલે આ પગલાં લીધા હોવાનું જણાવતા ગુજરાત સ્ટેટ ફાર્માસી કાઉન્સિલના પ્રમુખ એમ.એમ. પટેલનું કહેવું છે કે આ સ્થિતિનો પ્રતિકાર કરવા માટે દરેક કેમિસ્ટની દુકાને ફાર્માસિસ્ટે એપ્રોન પહેરીને બેસવાનો અને દરેક કેમિસ્ટની દુકાનમાં ફાર્માસિસ્ટના નામનું બોર્ડ લગાવવાના ૨૦૧૫ની સાલથી અમલમાં મૂકવામાં આવેલા નિયમનો આજથી ચુસ્ત અમલ કરાવવામાં આવશે. આ બાબતમાં જરાય સમાધાન ન કરવામાં આવે તે અંગે ફુડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરીને જાણ કરવામાં આવશે.

આ સાથે જ ફાર્મસી કાઉન્સિલે દરેક ફાર્માસિસ્ટ પાંચ વર્ષમાં એકવાર રિફ્રેશર કોર્સમાં હાજરી આપે તે પછી જ તેના લાઈસન્સ રિન્યુ કરવાનો નિર્ણય લીધો હોવાનું કાઉન્સિલના પ્રમુખે જણાવ્યું હતું. આમ તેમને માટે રિફ્રેશર કોર્સ ફરજિયાત કરી દેવામાં આવ્યો છે. આ સાથે જ પહેલા જિલ્લા અને તાલુકા સ્તરે ભરતી કરવા માટે કમ્પાઉન્ડર શબ્દ વપરાતો હતો. પરંતુ હવે કમ્પાઉન્ડરને સ્થાને ફાર્માસિસ્ટ શબ્દ મૂકવાની માગણી કરવામાં આવી છે. કમ્પાઉન્ડર શબ્દને કારણે ફાર્માસિસ્ટને નીચલા ગ્રેડમાં મૂકવામાં આવે છે. કમ્પાઉન્ડર શબ્દને કારણે ફાર્માસિસ્ટને પણ તેમની સાથે જ રૂા.૨૮૦૦ના ગ્રેડમાં મૂકવામાં આવે છે. જ્યારે નર્સનો ગ્રેડ પે રૂા. ૫૨૦૦નો છે. જે ફાર્માસિસ્ટ માટે અન્યાયકર્તા છે.

ફાર્માસિસ્ટોને નોકરી મેળવવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો હોવાથી તેમની હાલાકી હળવી કરવા માટે ફાર્મા કંપનીઓ અને ફાર્માસિસ્ટ વચ્ચે સેતુ બનતું પોર્ટલ http://gujaratpharmacycouncil. org/gspc_job_portal.phpનામથી પોર્ટલ ચાલુ કરવામાં આવ્યું હોવાનું ફાર્મસી કાઉન્સિલના હિતેશ ભૂરિયાએ જણાવ્યું હતું. આ પોર્ટલ પર ફાર્માસિસ્ટ તેની પોતાની પ્રોફાઈલ અપલોડ કરી શકશે અને ગુજરાત અને ભારતની કઈ કંપનીઓમાં કઈ પોસ્ટ માટે વેકન્સી છે તે પણ જોઈ શકશે. આ માટે તેમની કે કંપની પાસેથી કોઈ જ ચાર્જ લેવામાં આવશે નહિ. કંપની અને ફાર્માસિસ્ટ પોત પોતાની રિક્વાયરમેન્ટ અપલોડ કરી શકશે. આ માટે પોર્ટલ પર તેમણે તેમનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. કેમિસ્ટો પણ આ સાઈટ પરથી યોગ્ય ઉમેદવારને પસંદ કરી શકશે. આ સાથે જ દવાના ઘટકોની વિગતોને આધારે દરદીઓ તરફથી ફોન પર કે ઈ-મેઈલ દ્વારા કોઈ સવાલ પૂછવામાં આવે તો તેનો જવાબ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આજે વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે નિમિત્તે ફાર્માસિસ્ટોના રજિસ્ટ્રેશન ઓનલાઈન કરવાની અને લાઈસન્સ રિન્યુ કરવાની પ્રક્રિયાને પણ ઓનલાઈન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

### લાઈસન્સ કેન્સલેશનનો ભોગ બનેલા ફાર્માસિસ્ટ

| | |
|---|---|
| - બાભ્રોલિયા વિરેન ઘનશ્યામ | રફીક મેડિકલ સ્ટોર -અમદાવાદ |
| - ઝાલા તેજસિંહ જયદેવસિંહ | શ્રીબહુચર મેડિકલ સ્ટોર-અમદાવાદ |
| - ચૌહાણ તેજસકુમાર કીર્તિકુમાર | ગુરુ મેડિ. ને જનરસ સ્ટોર-પાલનપુર |
| - સોલંકી વિપ્રા અવિનાશભાઈ | ધ્રૂવ મેડિકલ સ્ટોર-અમદાવાદ |
| - વાઘેલા મુનેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ | શ્રીઅર્બુદા મેડિકલ-પ્રોવિઝન સ્ટોર - પાલનપુર |
| - પંચસારા સુરેશકુમાર ગોવિન્દભાઈ | નરેશ કેમિસ્ટ- પાલનપુર |